**દલિત અધિકાર એ જ માનવ અધિકાર**

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019


વર્ષ : ૧૪ અંક : ૬ સળંગ અંક : ૩૧૮ પ્રકાશન : તા. ૧૬-૧૦-૧૮ પોસ્ટીંગ : તા. ૨૦-૧૦-૧૮ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- 

## માનવ અધિકાર આંદોલનના ગિરિશૃંગઃ ગિરીશ પટેલ

**અલવિદા**

**રાજુ સોલંકી**

*(ગુજરાતના પનોતા પુત્ર ગિરીશ પટેલે તા. ૬ ઓક્ટોબર, ૨૦૧૮ના દિવસે આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી. વ્યક્તિથી વિશેષ સંસ્થા જેવા ગિરીશભાઈના નાગરિક સન્માન ટાણે ૨૦૦૭માં રાજુ સોલંકીએ લખેલા એક સ્મૃતિ લેખ સાથે અલવિદા)*



વર્ષ ૧૯૮૧. ગુજરાતની ધરતી પર વંચિત સમુદાયોની અનામતો સામે અખબારોની ઝેરીલી મદદથી ઉજળિયાતોએ માંડેલા ઉત્પાતના વળતા પાણી થઈ ચૂક્યા હતા. કહેવાતા 'સભ્ય' સમાજે દલિતો-આદિવાસીઓ-પછાતવર્ગોની વિરુદ્ધમાં ચલાવેલા ગોબેલ્સ પ્રચારની ડમરી પણ શમી ગઈ હતી. અનામતની તરફેણમાં અને વિરોધમાં હોંકારા-પડકારા, અલબત્ત, બંધ થઈ ગયા હતા, પરંતુ દલિતોના ભાવ જગતમાં ઉઠેલા સામાજિક કંપનોની અસર શરૂ થઈ ચૂકી હતી. એવા સમયે રાજ્યના નાભિ-કેન્દ્ર સમા અમદાવાદના જયશંકર સુંદરી હોલમાં એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો.

હોલ દલિત મહેરામણથી છલકાતો હતો. ઓડિયન્સમાં મોટાભાગના યુવાનો હતા.વાતાવરણમાં અજીબોગરીબ છટપટાહટ હતી. મંચ પર એ વખતના ફાયરબ્રાન્ડ વક્તાઓ બેઠા હતા, પણ એક શખ્સિયત એ સૌમાં સાવ નિરાળી દીસતી હતી. મંથર પણ મક્કમ ગતિએ એમણે હાથમાં માઇક પકડ્યું અને તકરીર શરુ કરી હતી. સ્ટેજની રોશનીમાં એમનો ગૌર વર્ણ ચાંદીની જેમ ચમકતો હતો. લંબગોળ ચહેરા પર ગોઠવાયેલું ભવ્ય લલાટ બોલતી વખતે તેજસ્વી અને ઉન્નત ભાસતું હતું. સહેજ જાડા નાક પર ચપોચપ બંધબેસતા કાળા, લંબચોરસ ચશ્મા એમના વ્યક્તિત્વને ઓર દિલચસ્પ બનાવતા હતા.દેખાવ તો એમનો સાવ સીધો સાદો હતો. સફેદ લેંઘો અને એની ઉપર આછા મોરપીંછ રંગનો લાંબો ઝભ્ભો. પરંતુ એમના દ્રઢતાથી ભીડાયેલા હોઠમાંથી જ્યારે બળુકા શબ્દોનો અસ્ખલિત પ્રવાહ વહેતો હતો, ત્યારે સમગ્ર વાતાવરણ ઉર્જાથી ભરાઈ જતું હતું. એમના એક એક શબ્દને લોકો એવી નીરવ સ્તબ્ધતાથી સાંભળતા હતા, કે અચાનક ઉઠતો તાળીઓનો ગડગડાટ જ એને ખંડિત કરી શકતો હતો.

એ હતા માનવ અધિકાર આંદોલનના તેજસ્વી ગિરિશૃંગ, ગિરીશ પટેલ.

૧૯૮૧ પછી જન્મેલી અને ઘોડિયામાં જ જેને ભગવા અફીણનો કસુંબો પીવા મળ્યો એવી દલિત પેઢી માટે કદાચ ગિરીશ પટેલનું નામ અજાણ્યું હશે, પરંતુ જેમણે ૧૯૮૧માં કટ્ટર જાતિ-દ્વેષને અમદાવાદ-ગુજરાતની શેરીઓમાં ફુંફાડા મારતો જોયો હશે, તેમના માટે 'ગિરીશ પટેલ' દલિત આંદોલનના ઉજ્જવળ ઈતિહાસનું એક પ્રેરણાદાયી પાનું છે.

દલિતોને કૂતરાં-બિલાડીથી પણ હેઠ ગણતા હિન્દુ ધર્મને ત્યજીને ધર્મપરિવર્તનની અહાલેક જગાવતી એમની વાણીનો એક એક શબ્દ આજે પણ આ લખનારના કાનમાં ગુંજે છે. એમણે કહેલું, ''અમેરિકાના કોઈ પણ શહેરની ઝુંપડપટ્ટીમાં જાવ. જીન્સનું પેન્ટ પહેરીને જતા છ ફુટ ઊંચા કદાવર, કાળા યુવાનની આંખોમાં જોજો. એ આંખોમાં દુનિયાને જીતવાની ખુમારી છલકાય છે. એને ગોરાઓનો ડર નથી. એ કોઈ પણ પ્રકારની લઘુતાગ્રંથિથી પીડાતો નથી...એણે ધર્મ પરિવર્તન કર્યું છે. ઈસ્લામ અંગીકાર કર્યો છે.'' કાર્યક્રમના આયોજકો કદાચ આ સાંભળીને ડઘાઈ ગયા હશે, પરંતુ ગિરીશ પટેલનો કેન્દ્રવર્તી સૂર એક જ હતો, ''દલિતોએ સ્વાભિમાનપૂર્વક જીવવું હશે, તો હિન્દુ ધર્મને છોડવો પડશે.'' ગિરીશભાઈના પ્રવચનો પાછળ એક સાચા કર્મનિષ્ઠની મક્કમ, પારદર્શક પ્રતિબદ્ધતા ડોકાતી હતી.

દલિત યુવાન શકરાભાઈના હત્યા કેસમાં ગિરીશભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી દલીલોને આજે પણ જાણકારો અહોભાવથી સંભારે છે. ૨૬ ડિસેમ્બર, ૧૯૮૦એ અમદાવાદથી માંડ ત્રીસેક કિમી. દૂર આવેલા જેતલપુર ગામના પટેલોએ શકરાભાઈ નામના દલિત યુવાનને ગામની પંચાયત કચેરીમાં પૂરીને કેરોસીન છાંટીને જીવતો સળગાવી દીધો હતો. જેતલપુર-કાંડ દલિત આક્રોશના વિસ્ફોટક પ્રતીક તરીકે ઘણા લોકોની સ્મૃતિમાં આજે પણ તાજો જ હશે, પરંતુ નેતાઓના ભાષણોની ડમરી શમી ગયા પછી થકવી નાંખનારી, લાંબી કાનૂની લડાઈમાં જન્મે 'પટેલ' એવા

ગિરીશભાઈએ જે ભૂમિકા ભજવી તેની વાત વિગતે કરવા જેવી અને યાદ રાખવા જેવી છે.

દલિત અગ્રણી વાલજીભાઈ પટેલ જેતલપુર કેસને યાદ કરતા કહે છે, ''એ વખતે ગ્રામ્ય અદાલત નારોલ ખાતે ચાલતી હતી. ચાલુ ટ્રાયલે આરોપીઓ પોતે ગુનો કર્યો હોવાનું સ્વીકારી રહ્યા હતા, ત્યારે સેશન્સ જજ મોઘેએ રિસેસ જાહેર કરી દીધી હતી અને બચાવ પક્ષના વકીલને, 'આ લોકો ગુનો કબૂલ કરી રહ્યા છે, એમને જેલમાં મોકલવા છે ?', એવું સહેતુક પૂછીને ચેમ્બરમાં જતા રહ્યા હતા. પંદર મિનિટ પછી કોર્ટ ચાલુ થઈ, ત્યારે આરોપીઓ ગુનાની કબૂલાતનો ઇનકાર કરવા લાગ્યા હતા.''

સેશન્સ જજનું જાતિવાદી વલણ જોતાં દલિત પેન્થરે શકરાભાઈના મોટાભાઈ નારણભાઈ સોનારાના નામે એફિડેવિટ કરાવીને કોર્ટ બદલવા માટે ગુજરાત હાઇકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરી હતી. દલિત પેન્થર વતી ગિરીશભાઈએ હાઇકોર્ટમાં દલીલો કરી હતી.એમની પ્રભાવશાળી રજૂઆતને કારણે સેશન્સ કોર્ટમાં કેસની પુનઃસુનાવણી શરુ થઈ, અને છેવટે હત્યારાઓને સજા થઈ હતી.

અત્યારે અનામતનો લાભ લઈને ડોક્ટર, એન્જિનીયર બનતા દલિત યુવાનોને એ હકીકતની કદાચ ખબર નથી, કે એક સમય એવો પણ હતો, જયારે વિજ્ઞાન પ્રવાહની સારી શાળાઓમાં દલિત વિદ્યાર્થીઓને પ્રવેશ જ નહોતો મળતો અને તેને પરિણામે તબીબ, ઈજનેરી શાખાઓની અનામત બેઠકો ખાલી રહેતી હતી. ૧૯૮૪માં અગિયારમાં ધોરણમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં અનામત દાખલ કરાવવા માટેની એક રિટ પિટિશન પ્રવેશ-વાંચ્છુ દલિત ઉમેદવાર ભરત પટેલે દાખલ કરી હતી, ત્યારે તેમનો કેસ ગિરીશભાઈ લડ્યા હતા. એ સમયે ગુજરાતના સવર્ણોએ અને એમના ચાળે ચડીને દલિતોએ 'હિન્દુત્વ'નો ઝંડો ઉઠાવ્યો નહોતો. સવર્ણોના અનામત-વિરોધી પૂર્વગ્રહો અખબારોની આંધળી કૂમકથી પોરસાઈને શેરીઓમાં છલકાઈ રહ્યા હતા, તેવા સમયે દલિતોની અનામતોના કેસ લડવાનું કૌવત ગિરીશભાઈ જેવા મરજીવા લોકો જ દાખવી શકતા હતા.

એ રિટમાં ગિરીશભાઈની જહેમતને કારણે દલિતોને વિજય તો મળ્યો, પરંતુ પછી અનામત-વિરોધીઓ ૧૯૮૬માં સર્વોચ્ચ અદાલતમાં ગયા હતા. ગુજરાતમાં લાગલગાટ છ મહિના સુધી તબીબી શાખાના પ્રવેશો સ્થગિત થઈ ગયા હતા. પેન્થરે સર્વોચ્ચ અદાલતમાં પણ અનામત-વિરોધીઓનો સફળ મુકાલબો કર્યો હતો. પરંતુ, અદાલતમાં નાસીપાસ થયેલા અનામત-વિરોધીઓને ખુશ કરવા ગુજરાતમાં બોદી કોંગ્રેસ સરકારે પાછલે બારણે એક પરિપત્ર બહાર પાડ્યો. તેમાં અગિયારમાં ધોરણમાં વર્ગ દીઠ ૭ ટકા (અનુ. જાતિ માટે), ૧૪ ટકા (અનુ. જનજાતિ માટે) અને ૨૭ ટકા (બક્ષીપંચની જાતિઓ માટે) અનામત ક્વોટા રાખવાના બદલે વર્ગ દીઠ અનુ. જાતિ માટે ૨ બેઠકો, અનુ. જનજાતિ માટે ૨ અને બક્ષી પંચની જાતિઓ માટે ૨ જ બેઠક રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ૧૯૮૬માં પેન્થરે ફરી વાર આ પરિપત્રને હાઇકોર્ટમાં પડકાર્યો હતો. હાઇકોર્ટમાં જસ્ટિસ એસ. પી મજુમદાર અને જસ્ટિસ રવાણીસાહેબની ન્યાય પીઠ સમક્ષ ગિરીશભાઈએ લાજવાબ દલીલો કરી હતી અને પરિણામે સરકારનો અનામત-વિરોધી પરિપત્ર રદ થયો હતો. તે વખતે કોર્ટમાં સુનાવણી સમયે અનામત-વિરોધીઓના વકીલે જ્યારે એમ કહ્યું કે, ''આ પરિપત્રનો અમલ નહીં થાય, તો શેરીઓમાં યુદ્ધ ફાટી નીકળશે'', ત્યારે ગિરીશભાઈએ ભાવાવેશમાં આવીને કહેલું, ''અમે એમને કોર્ટમાં જોઈ લઈશું અને જરુર પડ્યે શેરીઓમાં પણ જોઈ લઈશું.''

ગુજરાતમાં છેલ્લા પચાસ-સાઈઠ વર્ષોના શહેરીકરણને પ્રતાપે અમદાવાદ શહેરમાં સમગ્ર રાજ્યની અનુસૂચિત જાતિનો ચોથો ભાગ કેન્દ્રિત થયો છે. શહેરમાં વસેલા દલિતોના 'અગ્રવર્ગ'માં રાજકીય પક્ષોની ગતિવિધિઓ સાથે સંકળાઈને નીજી લાભો અંકે કરવાની લુચ્ચાઈ તો આવી જાય છે, પરંતુ સમગ્ર સમાજ માટે લડવાની ઈચ્છા મરી પરવારે છે. દલિતો માંહેના જ આવા એન્ટિ-દલિત વાતાવરણની વચ્ચે જે થોડાક લોકોએ દલિતોના હિતો સાચવ્યા એમાંના એક એટલે ગિરીશભાઈ પટેલ. આ કે તે રાજકીય પક્ષને કારણે નહીં, પરંતુ ગિરીશભાઈ જેવા મહાપુરુષોની કાનૂની લડતોને કારણે દલિતોની (અને એમાંય ખાસ કરીને શહેરી દલિતોની) પરિસ્થિતિમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે એમ કહેવામાં લગીરે અતિશયોક્તિ નથી.

૧૯૯૩માં તત્કાલીન ભાજપ સરકારે હિન્દુત્વના એજન્ડાના ભાગરુપે જૈનોના તહેવાર પર્યુષણ દરમિયાન તમામ મ્યુનિસિપલ કતલખાના બંધ રાખવાનો આદેશ કર્યો હતો. તેની પહેલાં જોકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કતલખાના બંધ રાખવાનો ઠરાવ કરી જ દીધો હતો. ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર તેમ જ અનુચ્છેદ ૧૯ (૧) (જી) હેઠળ જાહેર જનતાના હિતમાં વાજબી અંકુશની શરતે વેપાર કે વ્યવસાય કરવાના હકનો ઉપર્યુક્ત આદેશથી ભંગ થતો હોવાની રજૂઆત સાથે ગુજરાત હાઇકોર્ટમાં એક જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. તેમાં અરજદારો તરીકે આ લખનાર ઉપરાંત દલિત પેન્થરના દિવંગત નેતા નગીનભાઈ પરમાર પણ સામેલ હતા.

ગિરીશભાઈએ ઉપર્યુક્ત કેસમાં તૈયાર કરેલી રિટ પિટિશન વાસ્તવમાં માંસાહારી લોકોના 'રાઈટ ટુ ફુડ'ના એક ઉમદા ઘોષણાપત્ર જેવી છે. જાહેર હિતની અરજીઓ તૈયાર કરવાના અભ્યાસક્રમમાં સામેલ થઈ શકે તેવી આ રિટમાં જણાવાયેલું કે, ''...ગુજરાતમાં લાખો લોકો અને અરજદારો પોતે માંસાહારી છે. (રાજ્યના)નોંધપાત્ર લોકો તેમના પ્રોટિન-યુક્ત પોષણ માટે 'મટન' પર નિર્ભર છે. એમાંના મોટા ભાગના લોકો રોજ બિન-શાકાહારી ભોજન ખાવા ટેવાયેલા છે. વ્યક્તિ ઈચ્છે તેવો કોઈ પણ આહાર ખાઈ શકે, તે તેની વ્યક્તિગત આઝાદીનો ભાગ છે. અને જ્યાં સુધી તેના પર બંધારણીય રીતે, મંજુરીપાત્ર કારણોસર પ્રતિબંધ ના મુકાય, ત્યાં સુધી આ તક છીનવી ના શકાય...લોકો માટે જે પોષણયુક્ત હોય અને લોકો જેને પોષણયુક્ત માનતા હોય તેવા કોઈ પણ આહારથી લોકોને વંચિત રાખવાનો રાજ્યને કોઈ અધિકાર નથી...''

આદેશ પાછળના રાજકીય ઉદ્દેશો તરફ આંગળી ચીંધતા પિટિશનમાં આગળ જણાવાયું હતું, ''(કતલખાના બંધ કરવાના) ઠરાવો સમાજના વિવિધ વર્ગોએ અપનાવેલી જીવનશૈલીઓ પરત્વે કોર્પોરેશનોની સત્તા સંભાળતા લોકોની ગેરવાજબી અસહિષ્ણુતાનું પરિણામ છે. આ ઠરાવો સામાન્ય જનતાના હિતમાં પસાર થયા નથી, બલકે ચોક્કસ કોમ અનેચોક્કસ વિચારધારાના તુષ્ટિકરણ માટે છે. અત્રે એ નોંધવું જોઈએ કે, દેશ અંતિમ ધાર્મિક કટ્ટરવાદ અને ખાસ કરીને બહુમતી સમુદાયના કટ્ટરવાદના જોખમનો સામનો કરી રહ્યો છે. ગેરકાનૂની કતલખાના સામેના પગલાંઓ સમજી શકાય છે. રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને સમાવતા અનુચ્છેદ ૧૮ના અમલને પણ સમજી શકાય છે. પરંતુ, સમાજના વિવિધ સમુદાયો અને વર્ગોની વિચારધારાઓ, માન્યતાઓ, પરંપરાઓ અને જીવનશૈલીઓ

તરફની હાડોહાડ અસહિષ્ણુતાને માફ ના કરી શકાય કે ન્યાયોચિત પણ ના ઠેરવી શકાય. અમુક લોકોની જીવનશૈલી અને દ્રષ્ટિબિંદુ લાદવા સિવાય એ બીજું કંઈ જ નહીં હોય.''

આ પિટિશનની સુનાવણી ટાણે અમદાવાદ, સુરત, વડોદરાથી મટનના વેપારીઓના ધાડેધાડા હાઈકોર્ટના પ્રાંગણમાં ઉતરી આવતા હતા. એમને એમના ધંધારોજગારની ચિંતા હતી. ગિરીશભાઈ અને અમે અરજદારો જે નિસબત કે વિચારધારાથી પ્રેરાઈને એ કેસ લડતા હતા, તેની સાથે આ વેપારીઓને સ્નાનસૂતકનો પણ સંબંધ નહોતો. સ્લોટર હાઉસવાળો એ કેસ હાઈકોર્ટમાં અમે જીતી ગયા હતા અને 'indiscriminate closure of slaughter houses' સામે કોર્ટે મનાઈ હુકમ ફરમાવ્યો હતો. પરંતુ, એ વિજય ક્ષણજીવી નીવડ્યો. દલિતો-આદિવાસીઓ-પછાતો સામે સતત ઝેર ઓકતા જૈન મુનિ ચંદ્રશેખરની પ્રેરણાથી હમણાં જ થોડા વર્ષો પહેલાં ગુજરાતના કટ્ટરપંથી સંગઠનોએ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી હતી. ભાજપ સાથે 'સંબંધ' ધરાવતા એક વકીલને મટનના વેપારીઓએ તગડી ફી આપીને રોક્યો હતો. વકીલે અગાઉ હાઈકોર્ટમાં થયેલી રિટ વાંચવાની પણ તસ્દી લીધી નહીં. વેપારીઓએ ગિરીશભાઈને મળીને એ કેસમાં માર્ગદર્શન માગવાની પણ પરવા કરી નહીં. છેવટે, તેઓ હારી ગયા. 'સર્વોચ્ચ અદાલતમાં નરેન્દ્ર મોદી સરકારનો ભવ્ય વિજય' એવા ભીંત લખાણો અમદાવાદની દીવાલો પર લખાયા હતા.

સેક્યુલર ખેમામાં મોટા ભાગના લોકોનું ચિંતન ખંડિત, એકાંગી અને ક્યારેક તો નર્યું અવસરવાદી હોય છે. કેટલાક સેક્યુલારિસ્ટો દલિતોના સવાલોને 'જાતિવાદી' ગણે છે અને આંબેડકરને મૂડીવાદી. કેટલાક સેક્યુલારિસ્ટો નર્મદા બંધને કારણે વિસ્થાપિત થતા આદિવાસીઓની પીડાની મજાક ઉડાવી શકે છે. નર્મદા બચાવો આંદોલન (એનબીએ)ને ગિરીશભાઈએ આપેલું સમર્થન એમની સર્વગ્રાહી, વ્યાપક વિચારધારાના ભાગરૂપ હતું. તેઓ ક્યારેય કોઈ એનજીઓની જેમ મર્યાદાઓમાં જીવ્યા નથી. એમના આકાશને ફંડની ક્ષિતિજો નડી નહોતી. જે સમયે લગભગ તમામ એનજીઓઝની જીવાદોરી ચીમનભાઈના હાથમાં હતી, તે સમયે ગિરીશભાઈ જેવા જૂજ લોકો ગુજરાતમાં આદિવાસીઓના સમર્થનમાં ઉભા રહ્યા હતા. ફેરકુવામાં દિવસોના દિવસો લગી એક જ જોડ મેલાંઘેલા કપડાં પહેરીને એનબીએના પડાવમાં પલાંઠી વાળીને બેસવાની ઝુઝારુ લડાયકતા ગિરીશભાઈમાં હતી.

૧૯૯૪માં 'જાતિ નિર્મૂલન સમિતિ'એ સાથી સંગઠનોની મદદથી એનબીએના નેતા મેધા પાટકરને અમદાવાદમાં એક દલિત સંમેલનમાં બોલાવ્યા હતા. તેમની સાથે સ્વામી અગ્નિવેશ અને અનુ. જાતિ, જનજાતિ કમિશનને 'ક્યારેક જ સાંપડે તેવા' પૂર્વ કમિશનર બી. ડી. શર્મા પણ પધાર્યા હતા. કોંગ્રેસ-ભાજપ બંને પક્ષોના 'પાલતુ' દલિત અગ્રણીઓએ ત્યારે આંબેડકર હોલની બહાર કાળા વાવટા સાથે દેખાવો કર્યા હતા. સંમેલનમાં ગિરીશભાઈ ઉપરાંત, પ્રવીણ રાષ્ટ્રપાલ, પેન્થર અગ્રણી વાલજીભાઈ પટેલે આપેલા મનનીય પ્રવચનો હવે તો દલિત આંદોલનના યશસ્વી ઇતિહાસનો એક ભાગ બની ગયા છે.

૨૦૦૧ના ભીષણ ભૂકંપ પછી ભાજપ સરકારે નવું ગતકડું કાઢ્યું હતું. શાળાઓના વિદ્યાર્થીઓને ધાર્મિક મંત્રોચ્ચારો સાથે ધરતીની પૂજા કરવાનો આદેશ આપતો પરિપત્ર ગુજરાત સરકારે બહાર પાડ્યો હતો. આ પરિપત્ર સામે ગુજરાત હાઈકોર્ટમાં 'કાઉન્સિલ ફોર સોશ્યલ જસ્ટિસ' વતી ગિરીશભાઈએ રિટ દાખલ કરી અને પરિપત્ર રદ કરાવ્યો હતો. એ જ રીતે ૨૦૦૨ના હુલ્લડો પછી બારમા ધોરણમાં પરીક્ષાર્થીઓનું ચેકિંગ કરવા 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' સંચાલિત ખાનગી સંસ્થાઓની મદદ લેવાનો શાળાઓને આદેશ આપતો પરિપત્ર બહાર પડ્યો હતો. તેની સામે પણ કાઉન્સિલ વતી ગિરીશભાઈએ હાઈકોર્ટમાં રિટ કરીને પરિપત્ર રદ કરાવ્યો હતો.

'લોક અધિકાર સંઘ' વતી ગિરીશભાઈએ માત્ર ને માત્ર ગુજરાત હાઈકોર્ટમાં કરેલી જાહેર હિતની અરજીઓ વિષે કોઈ લખવા બેસે તો પણ કમસેકમ એક હજાર પાનાનું પુસ્તક થાય. દક્ષિણ ગુજરાતમાં શેરડીના ખેતરોમાં પીલાતા ખેતમજૂરો માટે લઘુતમ વેતનનો સવાલ હોય, કે પછી ઈંટ ભઠ્ઠામાં શેકાતા (બહુધા પરપ્રાંતિય દલિત) મજદૂરોનો સવાલ હોય; ખંભાતના અકીકના કારખાનાઓમાં ખાંસતા, સિલિકોસીસથી પીડાતા મજૂરોનો સવાલ હોય, કે પછી કોઈ મલ્ટિનેશનલ કંપનીમાં ખાળકૂવો સાફ કરતા દલિતોનો સવાલ હોય — ગિરીશભાઈએ હરહંમેશ કામદારોના ભેરુ બનીને ન્યાયની દેવડીએ ધા નાંખી છે. કાર્લ માર્ક્સ ગુજરાતમાં જન્મ્યા હોત અને ધારાશાસ્ત્રી બન્યા હોત, તો તેમણે ગિરીશ પટેલ બનવાનું પસંદ કર્યું હોત.

'લોક અધિકાર સંઘે' માત્ર જાહેર હિતની અરજીઓ જ કરી હોત, તો એને કાયદાના કસબીઓના અમુક-તમુક ટાંચણોમાં સ્થાન મળ્યું હોત. પરંતુ, 'લોક અધિકાર સંઘ' એકસ મયે ગુજરાતના ઉત્કૃષ્ટ બુદ્ધિજીવીઓ, કર્મશીલો, વકીલો, લેખકો, કવિઓ વચ્ચે વૈચારિક આદાન પ્રદાનનું માધ્યમ બન્યું હતું. ગુજરાતના બુદ્ધિધનને કટ્ટરપંથનું ગ્રહણ અડવાને ગણતરીના વર્ષો બાકી હતા, તેવા સમયે લોક અધિકાર સંઘે સેક્યુલર, રેશનલ, ગરીબ-તરફી વિચારધારાની ટમટમતી જ્યોતને સંકોરવાનું કર્મ કર્યું હતું. શ્રીમંત પણ સંવેદનશીલ નિમેષ શેઠે એ અરસામાં સ્થાપેલી થિંકર્સ એકેડમીમાં દર્શન દેસાઈ, નઈમ કાદરી જેવા આદર્શઘેલા, લબરમુછિયા, યુવાનો એકઠા થતા હતા, જે પછીના દિવસોમાં પત્રકારત્વની દુનિયામાં એક મિશાલ કાયમ કરવાના હતા.આઈઆઈએમમાંથી 'રસ્ટિગેટ' થયેલા અસીમ રોય ચિદમ્બરમની સાથે કામદાર સભાઓમાં છાકો બોલાવતા હતા. ગીતા શાહ, તનુશ્રી ગંગોપાધ્યાય, સંગીતા શ્રોફે નારીને 'ચિનગારી' બનાવવાની મથામણ શરુ કરી હતી. વાલજીભાઈ પટેલ, રમેશચંદ્ર પરમાર, નારણ વોરા અને નગીનભાઈ પરમાર દલિત-પ્રતિકારની મશાલ પેટાવી રહ્યા હતા, તો મનીષી જાની, ગણપત પરમારની સાથે મળીને 'દલિત કવિતા'નો પિંડ બાંધી રહ્યા હતા, અને નીરવ પટેલ, પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ સાહિત્ય પરિષદ પાસે દલિત કવિતા માટે 'ખળાનો અર્ધો ભાગ' માંગી રહ્યા હતા. અચ્યુત યાજ્ઞિક, પ્રિયદર્શી શુકલા, દર્શિની મહાદેવિયા શિક્ષણ જગતમાં વંચિતોના સામાજિક વિશ્લેષણના માનદંડો નક્કી કરી રહ્યા હતા, તો મહેશ ભટ્ટ, ભૂષણ ઓઝા વંચિતોને કાનૂની કૂમક પહોંચાડવાના નવા આયામો શોધી રહ્યા હતા. ધૂમકેતુની જેમ આવેલા અને અમીટ છાપ છોડી ગયેલા, દિવંગત સાથી અશ્વિન દેસાઈ અને કર્દમ ભટ્ટ 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના નારામાં વિચારધારાનો અર્ક સીંચી રહ્યા હતા. આ તમામ વિચારવંતોની આકાશગંગા વચ્ચે ગિરીશભાઈની સદા ચમકતી બુદ્ધિ પ્રતિભા, અકાટ્ય તર્ક, પ્રચંડ પ્રતિબદ્ધતા અને મૃદુ સરળતા સૌને જાણે એક સૂત્રમાં બાંધતી હતી.

**(અનુસંધાન પૃષ્ઠ-૭ પર)**

# ઓઢવના છતે ઘરે ઘરવિહોણા ગરીબો

**અહેવાલ**

**ફેનીલ મેવાડા**

માનવને જીવવા માટે જેટલી જરૂર હવા, પાણી અને ખોરાકની છે તેટલી જ જરૂર આજના સમયમાં રહેવા માટે ઘરની છે.

સિંધુ નદીના કિનારે માનવ સભ્યતાની શરૂઆત થઈ ત્યારથી માનવ ખાતા,પીતા, એકબીજા સાથે વાત કરતા અને એક પરિવાર સાથે રહેતા શીખ્યો..ધીરે ધીરે ગુફાઓમાંથી નીકળી ઝૂંપડા બાંધી રહેતા શીખ્યો.સમય જતાં સુખસુવિધા મુજબ મોટામોટા મહેલો, કાચા પાકા મકાનો અને બંગલાઓમાં રહેવા લાગ્યો. ત્યારથી લઈને આજદિન સુધી સમગ્ર માનવ જાત માટે રહેવા માટે ઘર એ સૌથી મોટી અને સૌથી પહેલી જરૂરિયાત બની ગયું છે .

આજકાલ ઘર એ દરેક માનવીનું સ્વપ્ન બની ગયું છે . પૂંજીપતિઓ બંગલાઓ ખરીદે તો મધ્યમવર્ગીય લોકો ફ્લેટમાં અને ગરીબો માંડ માંડ કાળી મજૂરી કરીને પતરાવાળું મકાન પણ ખરીદે એવા સ્વપ્નો જોતાં હોય છે. પૂંજીપતિઓ તો એક-બે નહીં પણ વધારે મકાનો ખરીદે છે પણ ગરીબોને સરકારી આવાસો મળે છે. જો એ ઘરો પણ એ ગરીબો પાસેથી છીનવાઈ જાય તો એમના પર શું અસર થાય છે એની કલ્પના કરવી પણ ખૂબ જ દુઃખદાયક છે.

રાજકીય પક્ષો ઈલેક્શન જીતવા પોતાના ભાષણોમાં જાતજાતના વાયદાઓ કરે છે. પણ ઈલેક્શન જીત્યા પછી ક્યારેય આપેલા વાયદાઓનું પાલન નથી કરતા. અને એમાંય ખાસ કરીને ગરીબો માટે અમે ૨ કરોડ મકાનો બનાવીશું એમ કહે છે. પણ ખરેખર એમાના ૨ ટકા જેટલા પણ મકાનો બંધાતા નથી. અને ગરીબોના સ્વપ્ન એ ફક્ત સ્વપ્ન જ રહી જાય છે અને જે લોકોને મકાન મળે છે તે રહેવાલાયક હોતા જ નથી. કોન્ટ્રાક્ટર અને કોર્પોરેશનના અધિકારીઓની મિલીભગતથી જે મકાનો બને છે એમાં બહુ જ મોટો ભ્રષ્ટાચાર થાય છે અને એવા મકાનોમાં ખરાબ કક્ષાનું મટીરિયલ વપરાવવાના કારણે એ બધા મકાનો બહુ ઓછા સમયમાં તૂટી પડે છે.

આવી જ એક વાત છે અમદાવાદમાં આવેલા ઓઢવ વિસ્તારની શહેરી ગરીબ આવાસ યોજના, જે શિવમ ફ્લેટ તરીકે ઓળખાય છે. ત્યાં ચાર માળના ટોટલ ૮૪ બ્લોક છે જેમાં કુલ મળીને ૧૩૪૪ મકાનો આવેલા છે . જેમાં એક બ્લોક ૧૬ મકાનોનો છે. ૧૯૯૮માં આ આવાસોનું કામકાજ થયું હતું અને ૧૯૯૯માં અમુક લાભાર્થીઓને કેટલાક મકાનો ફાળવવામાં આવ્યા હતા. તે દરમિયાન ૨૦૦૧માં ભૂકંપ આવે છે અને તે ભૂકંપમાં આ મકાનોમાં પણ તિરાડો પડે છે અને ત્યારે જ ત્યાં વસવાટ કરતા પરિવારોને ખબર પડી જાય છે કે આ મકાનોમાં એક જ વર્ષમાં તિરાડો પડી ગઈ છે તો તેમાં કઈ કક્ષાનું મટીરિયલ્સ વાપરવામાં આવ્યું હશે .પણ ત્યારે ભ્રષ્ટાચારીઓના ભ્રષ્ટાચારની પોલ ન ખુલે એ માટે પડેલી તિરાડો પર સિમેન્ટનું પ્લાસ્ટર કરી ને બાકીના લાભાર્થીઓને બાકીના મકાનો ફાળવવામાં આવ્યા હતા. અહીંયા મકાનો તો બનાવીને આપી દેવાયા છે પણ ત્યાં કોઈ પણ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ ઉપર પણ કોર્પોરેશન દ્વારા કોઈ ધ્યાન આપવામાં નથી આવ્યું. ચારે બાજુ કચરો જ જોવા મળે છે. વરસાદી પાણીના નિકાલ માટે પણ ખાસ એવી કોઇ સુવિધા નથી કરેલી. માટે પણ લેખિત અને મૌખિક રજૂઆતો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વ ઝોન કચેરી વિરાટનગરમાં કરેલી છે. પણ છતાંય ત્યાંના અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી.

ઉપરાંત આ મકાનો સમય જતાં ભયજનક બન્યા. ખૂબ જ જર્જરિત થઈ ગયા હતા. અને એ વાતને લઈને પણ કોર્પોરેશનમા લેખિતમાં અહીંના રહીશો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતાં છેવટે અહીંના રહીશોએ 'સંદેશ' દૈનિકમાં જાણ કરી અને સંદેશ ન્યૂઝપેપર દ્વારા સમગ્ર બ્લોકોની તપાસ કરી આ મુદ્દાની ગંભીરતા વિશે સરકાર અને ઓઢવના લોકોને માહિતગાર કર્યા.

તારીખ ૨૫.૦૬.૨૦૧૮, શનિવારની રાતે, ૯ વાગે ફાયરબ્રિગેડની ટીમ દ્વારા તપાસ હાથ ધરી, બ્લોક નંબર ૨૩ અને ૨૪ને ભયજનક બતાવીને ત્યાં બોર્ડર પટ્ટી મારવામાં આવી હતી. તારીખ ૨૬.૦૮ ૨૦૧૮ રવિવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, સવારે ૦૯:૩૦ થી ૧૦:૦૦ વાગ્યાની વચ્ચે તપાસ કરવા આવ્યા. અમુક અધિકારીઓ તપાસ કરીને ગયા અને અમુક અધિકારીઓ ત્યાં રોકાઈને બ્લોક નંબર ૨૩ અને ૨૪ ના પરિવારોને એમ કહેવા લાગ્યા કે એન્જિનીયર આવશે ત્યારે અમે તમને જવાબ આપીશું કે આ મકાનો રહેવાલાયક છે કે નહીં. પણ સાંજના ૫ વાગ્યા હોવા છતાં એન્જિનીયરસાહેબ સ્થળ પર આવ્યા જ નહીં. અને એક અધિકારી દ્વારા સાંજે ૦૬ વાગે મકાનો ખાલી કરવાની નોટિસો આપવામાં આવી અને એ ભાઈ દ્વારા એવું કહેવામાં આવ્યું કે અમારા સાહેબ આવશે અને તમને જણાવશે. આટલું કહી તે ભાઈ પોલીસવાનમાં બેસીને ત્યાંથી ચાલી નીકળ્યા. હવે સંજોગોવશ વરસાદની ઋતુ હોવાથી વરસાદ પણ પડવા લાગ્યો એક બાજુ વરસાદ અને બીજી બાજુ પોતાના ઘરો ખાલી કરવાની નોટિસ. હવે આ ચાલુ વરસાદમાં અને રાતના અંધારામાં આ ૩૨ પરિવારોએ ઘરનો માલસામાન લઈ જવો તો ક્યાં લઈ જવો ? આખરે જવું તો પણ ક્યાં જવું? એકબાજુ લોકોમાં બિલ્ડીંગ પડવાનો ડર ફેલાઈ ગયેલો. માટે લોકો પોતાના ઘરોમા ગયા જ નહીં અને આજુબાજુના બ્લોકમાં પોતાના ઓળખીતાઓને ત્યાં ગયા. આ દિવસે રક્ષાબંધનનો તહેવાર પણ હતો એટલે લોકો રાખડી બાંધવા ગયેલા હતા. તેથી અમુક મકાનો બંધ પણ હતા. આખરે આ ભયજનક બિલ્ડીંગ બ્લોક નંબર ૨૩ અને ૨૪ આંખના પલકારામાં ધરાશયી થઈ ગઈ. લોકોના પગ નીચેથી જાણે ધરતી જ ખસી ગઈ હોય તેવું વાતાવરણ થઈ ગયું. લોકો પોતાનો જીવ બચાવવા આમતેમ ભાગવા લાગ્યા હતા પણ છેવટે આ બ્લોક ધરાશયી થયા. એમાં બ્લોક નંબર ૨૪માં રહેતા સરબજિત પાખંડું ગૌતમ નું ત્યાં જ તે મકાનના કાટમાળમાં દટાઈ જવાથી મૃત્યુ થયું અને તેમના પત્ની કિરણબેન સરબજિત પાખંડું ગૌતમને ઈજા થવાથી સારવાર માટે સરસપુર ખાતે આવેલી શારદાબેન હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા. ઉપરાંત બીજા ૩ વ્યક્તિઓ સુરેશકુમાર પારસનાથ હરિજન, ભારતીબેન નરેશભાઈ પટણી તેમજ અજયભાઈ રાજેશભાઈ પટણીને પણ ઈજા થતાં એમને પણ સારવાર માટે શારદાબેન હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા.

આ બે બ્લોક ધરાશયી થયાં એમાં બે બ્લોકના ૩૨ પરિવારોના ઘરનો

સામાન, કપડાં અને દર દાગીના બધુ જ ગુમાવું પડ્યું .કાટમાળ ખસેડતા JCB દ્વારા બધો કાટમાળ AMC ની ગાડીમાં ભરીને બીજે ઠાલવી દેવામાં આવ્યો. એટલું જ નહીં આ પરિવારોએ પોતાના ઘરો પણ ગુમાવ્યાં. ઘટનાની જાણ તથા ફાયરબ્રિગેડના અને NDRF (National Disaster Response Force ) જવાનો અને ઓઢવ પોલીસના જવાનો તેમજ ટીવી ચેનલ મીડિયાના લોકો પણ ઘટના સ્થળે પહોંચી ગયા અને આ ઘટના કેટલી ગંભીર છે એ ટીવી ચેનલોના માધ્યમથી સમગ્ર ગુજરાતના લોકોને ખબર પડી. આ બનાવ બનતા જ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ગુજરાતના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ અહીંના ધારાસભ્ય જગદીશ પંચાલ અને ભાજપ તેમજ કોંગ્રેસના ધારાસભ્યો તેમજ AMC મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજયભાઈ નેહરા અને મેયર બીજલ પટેલ  તેમજ ઓઢવના કોર્પોરેટર, સામાજિક અને સંસ્થાઓ .NGO દરેક લોકો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા .મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા મૃતકને ૪ લાખ રૂપિયાની સહાય અને ૪ ઘાયલ થયેલા વ્યક્તિને ૨ લાખ રૂપિયાની સહાય આપવાનું કહ્યું. પણ આપણે સૌ જાણીએ છીએ તે મુજબ આ સરકાર ખાલી વાયદાઓ આપવામાં જ માહિર છે. એ વાયદાઓનું પાલન કરવામાં તેમને જરાય રસ નથી. દરેક મંત્રીઓ અને આગેવાનો પોતાની મરજી મુજબ આ ઘટનાને વખોડીને પ્રવચનો આપીને નીકળી ગયા. રાતભર ફાયરબ્રિગેડના જવાનો તેમજ NDRFના જવાનો અમુક સેવાભાવી માણસો તેમજ 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ' ઓઢવની ટીમ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી રહી હતી. ક્યાંયને ક્યાંક એવું લાગતું હતું કે કાટમાળમાં હજુ પણ કેટલા લોકો દાટાયા છે, માટે તેમને બહાર કાઢવા અને કાટમાળ ખસેડવાની કામગીરી ચાલુ જ હતી.

બીજા દિવસે સવારે એટલે કે તારીખ ૨૭.૦૮.૨૦૧૮ સોમવારના દિવસે AMC પૂર્વ ઝોનની કચેરીમાંથી કેટલાક અધિકારીઓ ૧૦૦ જેટલા પોલીસ જવાનોને સાથે લઈને બ્લોક નંબર ૪૧,૫૭,૫૮, ૫૯,૬૦ ને ખાલી કરાવવા માટે આવ્યા અને કહ્યું કે આવતીકાલ સુધીમાં આ મકાનો ખાલી કરી દેવા નહિતર આ મકાનો તોડીને પાડી દેવામાં આવશે. અહીંના રહીશો જો આ અધિકારીઓ પાસે કોઈ વાત કરવા જતા તો પોલીસો દ્વારા તેમને ધક્કા મારી દેવામાં આવતા.આ નોટિસ અપાતી હતી ત્યારે ત્યાં 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ની ઓઢવની ટીમ હાજર જ હતી અને ત્યાં આ નોટિસ અપાયેલા પરિવારોને રહેવા માટે વૈકલ્પિક સુવિધા આપવામાં આવે તે માટે અમદાવાદ પૂર્વ ઝોનની કચેરી ખાતે ડેપ્યુટી મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું પણ તેમનો જવાબ હતો કે, ''તમે આ મકાનોમા રહો, ખાવો, પીવો અને સૂઈ જાવ. જો મકાનો તૂટે અને કોઈ મરે તો મારી જવાબદારી.'' અહીંયા એ વસ્તુ સાબિત થઈ રહી છે કે આ સરકાર અને તંત્રને ગરીબો માટે કઈ જ કરવું નથી. જો કદાચ ભારતના વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે આવે તો રાતો રાત રોડ,રસ્તા લાઈટના થાંભલા તેમજ સાફસફાઈ થઈ જાય છે. પણ ગરીબો-દલિતો માટે જો જીવનમરણનો પ્રશ્ન પણ હોય તો પણ આ બહેરી, મૂંગી અને આંધળી સરકારને કોઈ જ ફરક નથી પડતો .

આ ૮૪ બ્લોકના પરિવારોને મકાનો ખાલી કરવાની નોટિસ આપવામાં તો આવી પણ તે ૮૪ બ્લોકના ૧૩૪૪ પરિવારોને રહેવા માટે વૈકલ્પિક સુવિધાઓ આપવા માટે સરકાર પાસે કોઈ જ જવાબ ન હતો. તારીખ ૨૮.૦૮.૨૦૧૮ મંગળવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજયભાઈ નેહરાને આવેદનપત્ર આપવા માટે ગયા તો એવું કહેવામાં આવ્યું કે, 'સાહેબ મીટિંગમા છે માટે મળી શકે એમ નથી' એટલે આવેદનપત્ર એમના PA એ લઈ અને કહ્યું કે જાણ કરીશું પણ તેમના દ્વારા કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ન કરવામાં આવી. વરસાદની ઋતુ હોવાના લીધે આ ઘરવિહોણા પરિવારો જાય તો જાય પણ ક્યાં એટલે આ પરિવારો ત્યાં જ તંબું બાંધીને રહેવા લાગ્યા. પણ સરકાર કે મ્યુનિસિપલના અધિકારીઓ પાસે એક જ જવાબ હતો. અમારી પાસે કોઈ જ જવાબ નથી. છેવટે તારીખ ૦૧.૦૯.૨૦૧૮ ના રોજ ગાંધીનગર ખાતે હાઉસિંગ અને નિર્માણ ગુજરાત રાજયના સચિવ લોચન મહેરાને પણ આ બેઘર બનેલા પરિવારોને ઘર ના મળે ત્યાં સુધી વૈકલ્પિક સુવિધા આપવામા આવે તે માટે એક આવેદનપત્ર આપવામાં આવ્યું પણ તેમનો પણ આ જ જવાબ હતો કે, 'મારી પાસે અત્યારે આના વિષે કોઈ જ જવાબ નથી' તારીખ ૦૫.૦૯.૨૦૧૮ ના રોજ અમદાવાદના સુભાષબ્રિજ ખાતે આવેલ કલેક્ટર કચેરીમાં કલેક્ટરને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું તેમણે પણ કહ્યું કે અમે તમને જણાવીશું.આ ઘરવિહોણા બેઘર થયેલા પરિવારો પોતાના પ્રશ્નો ને લઈને સરકારી કચેરીઓ, અધિકારીઓને આવેદનપત્ર આપ્યા પણ કોઈ આ મુદ્દે સાંભળવા તૈયાર જ નથી. આ સરકાર ફક્ત ને ફક્ત પૈસાદાર લોકોની જ છે. ગરીબો માટે એમના દિલોમા કોઈ જ લાગણી નથી તે અહીંયા સાફ દેખાતું હતું .

આ ગરીબો માટે હવે લડવા કોઈ તૈયાર જ નહતું. રાજકીય પક્ષના લોકો પોતાના રાજકીય રોટલા શેકવા માટે આવતા અને જતાં પણ તેમણે તેમના ઘર અપાવવા વિષે શું કરવું તેનો કોઈ ઉકેલ ન શોધતા.આ ઘટનાને એક મહિનો થવા આવતો હતો પણ આ સરકારના પેટનું પાણી હલતું ન હતું છેવટે 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ની આગેવાનીમાં તારીખ ૨૬.૦૯.૨૦૧૮ બુધવારના રોજ આ પીડિત પરિવારોને તેમનો હક અપાવવા તેમજ એમને ઘરને બદલે ઘર અને વૈકલ્પિક સુવિધા અપાવવા અમદાવાદના સારંગપુર ખાતે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી અમદાવાદ દાણાપીઠ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી સુધી એક મોટી રેલી કાઢીને amc કમિશનરને આવેદનપત્ર આપવાનું નક્કી કર્યું અને જો આ પીડિતોની માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો અચોક્કસ મુદ્દતના ધરણાનો અને ઉગ્ર આંદોલનનો કાર્યક્રમ પણ આપવામાં આવશે. આ જાહેરાત ઓઢવના 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ના પ્રમુખ હેમાબહેન સોલંકીએ કરી. તે દિવસે કમિશનરસાહેબ દ્વારા ૭ દિવસમાં એક કમિટિ બનાવીને એક મહિનાની અંદર કાંમ ચાલુ કરવાની બાહેધરી આપી હતી. હવે જોઇયે છીએ કે શું આ સરકાર અને તંત્ર અપાયેલા વચન પર કાયમ રહે છે કે નહીં જો એક મહિનાની અંદર આ પીડિતોને માટે કોઈ પગલાં નહીં ભરવામાં આવે તો વધુ તાકાતથી મોટું આંદોલન કરવામાં આવશે.

## દલિત અધિકારના શુભેચ્છકો
## જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળ્યું છે...

- જયંતીભાઈ માધાભાઈ કટારા
  (વહીવટી અધિકારી, તબીબીસેવાઓ, ગાંધીનગર) રૂ.૫૦૦/-
- પ્રા.ડો.હરપાલ રાણા
  (ઈતિહાસના અધ્યાપક અને લેખક, અમદાવાદ) રૂ.૫૦૦/-

# આઝાદી : ઓઢવી કે પહેરવી ?

## ઉહાપોહ

ડૉ. હરપાલ રાણા

૧૫ મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત દેશ આઝાદ થયો. અંગ્રેજી શાસન દૂર થયું અને ભારતીયોના હાથોમાં સત્તા આવી. પણ, દેશ પ્રજાસત્તાક બન્યો ૨૬ મી જાન્યુઆરી, ૧૯૫૦થી. રાજકીય સત્તાનું હસ્તાંતરણ થયું. ડો. બી.આર. આંબેડકરના અથાગ પ્રયાસો થકી ભારતીય બંધારણનું ઘડતર થયું. દેશે બંધારણનો સ્વીકાર કર્યો અને બંધારણ મુજબ શાસનની શરૂઆત થઈ. પણ, સાચે જ આઝાદી – સ્વતંત્રતા લોકભોગ્ય બનવા પામી છે ખરી?

આઝાદી એટલે સ્વતંત્રતા. આજે આપણી આઝાદી – સ્વતંત્રતા ૭૨ મા વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. આ કાંઈ શિશુ અવસ્થા નથી, તરુણાવસ્થા કે યુવાવસ્થા નથી બલકી પ્રૌઢાવસ્થા છે. પ્રૌઢાવસ્થા સાથે શાંતિ, સલામતી, સ્થિરતા, દ્રઢતા, મજબૂતી, સંવાદિતા, સૌહાર્દપૂર્ણ વાતાવરણ, પરસ્પરના મતભેદોને સ્વીકારવાની અને અસ્વીકારવાની સાચી સમજણ, વિરોધી મત-વિચારને સાંભળવાની-સ્વીકારવાની સમજ, વિચારશીલતા, વૈચારિક મતભેદો વચ્ચે સંવાદ, પુખ્તતા, સહનશીલતા, ગંભીરતા વગેરે જોડાયેલા છે.

પણ, સાચે જ આ આઝાદી – સ્વતંત્રતા આપણે ભોગવી રહ્યા છીએ ખરા? લોકશાહી લોકભોગ્ય બની છે ખરી? લોકતંત્રમાં લોકોની ભાગીદારી જોવા મળે છે ખરી? સમાજનો બહોળો સમુદાય ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય શોષિત વર્ગો, સ્ત્રીઓ વગેરેને શું આજે પણ આઝાદી મળી છે ખરી? આ બહુજન સમાજને હજુય આઝાદી – સ્વતંત્રતાના ફળ ચાખવા નથી મળ્યા. અંગ્રેજોનું સ્થાન હવે સમાજના પ્રભુત્વશાળી લોકોએ લઈ લીધું છે, જે હજારો વર્ષોથી સત્તા, સંપત્તિના માલિકો રહ્યા છે. બહુજનસમાજના પીડિતો, શોષિતો, દબાયેલા-કચડાયેલા લોકો પર આજે પણ તેઓ જ શાસન કરી રહ્યા છે. તેમાં આજે પણ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકો પર ખૂબ અત્યાચારો થાય છે. જરા અમથો અવાજ ઉઠાવવા બદલ કે મજૂરીના પૈસા માંગવા જેવી બાબતમાં તેમને ઢોર માર મારવામાં આવે છે અને હત્યા સુધ્ધાં કરી દેવામાં આવે છે. સ્ત્રીઓ, બાળકોનું પણ અનહદ શોષણ થાય છે. બીજી બાજુ આપણે માત્ર ઉજવણી કરવામાં આનંદ અનુભવીએ છીએ. પણ હકીકતમાં આપણે ક્યાં છીએ અને કેટલે પહોંચ્યા છીએ તેનો વિચાર સુધ્ધાં નથી કરતાં.

NCRB એ અત્યાચાર અને હેવાનિયતના જે આંકડા જાહેર કર્યા છે તે કહેવાતા સભ્ય સમાજ માટે નિંદનીય છે. ૨૦૧૫ માં અનુ.જાતિ પર અત્યાચારના ૩૮,૬૭૦ કેસ નોંધાયા હતા તો ૨૦૧૬ માં ૪૦,૮૦૧ કેસ નોંધાયા હતા. NCRB નોં ડેટા કહે છે કે અનુ.જાતિના લોકો પર જે અત્યાચારો થાય છે તેમાં સૌથી વધુ સ્ત્રીઓ પર હુમલા, તેમનું જાતીય શોષણ, પીછો કરવો (stalking), નગ્ન કરી ફેરવવી અને રેપ કરી જાતીય આનંદ મેળવવો (voyeurism), સ્વાભિમાનનું અપમાન (insult to modesty) વગેર મુખ્ય છે.

શું આ સ્વતંત્રતા માત્ર કહેવાતા સવર્ણ-ભદ્રવર્ગની જ છે? કારણ કે સ્વતંત્ર થયાના વરસો જેમ વધતાં જાય છે તેમ તેમ પ્રભુત્વશાળી અને શાસકીય વર્ગોની જોહુકમી, અત્યાચાર દર વર્ષે વધતાં જાય છે. શું આ સ્વતંત્રતા-આઝાદી પીડિતો-શોષિતો-બહુજનો પર અત્યાચારો કરવા મળી છે? શું આ પ્રકારની સ્વતંત્રતા માટે આપણે લડ્યા હતા? લોકતંત્રના પાયામાં સમતા, સ્વતંત્રતા, બંધુતા, સામાજિક–આર્થિક ન્યાયના ધ્યેયો સ્વીકારવામાં આવ્યા છે. લોકતંત્રના ઘડવૈયાઓએ લોક્તંત્રાત્મક પ્રજાસત્તાક શાસનના ધ્યેયો સ્વીકાર્યા છે અને આપણું બંધારણ ખરા અર્થમાં લોકતંત્રની હિમાયત કરે છે. પણ આજે લોકતંત્ર સામે મોટો ખતરો અને પડકાર ઊભા થયા છે. લોકતંત્રની રોજેરોજ હત્યા થઈ રહી છે.

ભારતમાતાને પૂજનારાઓને દલિત સ્ત્રીનું અપમાન કેમ અપમાન નથી લાગતું? બિહારના મુઝફ્ફરપુરમાં ૩૫ કુમારીકાઓ-સ્ત્રીઓ સાથે બળાત્કાર, રોજે-રોજ તેમનું શારીરિક શોષણ થાય અને વિરોધ કરતાં મોત મળે. શું આ અપમાન અને શોષણ ભારતમાતાનું અપમાન નથી? મૂઝફ્ફરપુર, દેવરીયાના આશ્રય ગૃહો (shelter homes), બાલિકા ગૃહોમાં કેટલીય બાલિકાઓ સાથે અત્યાચાર, અપમાન અને જાતીય શોષણ થાય છે. પરંતુ, આ ઘટનાઓ ન તો રાષ્ટ્રીય મુદ્દો બને છે ન તો ઠેર ઠેર સભાઓ, સરઘસો કે વિરોધ પ્રદર્શનો થાય છે. અનાથ, પીડિત અને બહુજન સમાજની મહિલાઓનું અપમાન એ જાણે કે અપમાન જ નથી ગણવામાં આવતું. અપમાન, જાતીય શોષણની વ્યાખ્યામાં જાણે કે બહુજન સમાજની મહિલાઓને ગણવામાં જ નથી આવતી. ભારતમાં જ રહેનારી આ બહુજન મહિલાઓ ભારતમાતાનું સંતાન નથી માનવામાં આવતી. ? બહુજનસમાજની મહિલાઓ પણ અન્ય સમાજની જેમ મહિલાઓ જ છે. આવો ભેદ શા માટે? શું તેમનું શોષણ એ શોષણ ન ગણાય? આવી ઘટનાઓનો કોઈ જ વિરોધ ન થાય એ પણ આપણા દેશની બલિહારી જ ગણવી જોઈએ. આ કેવા પ્રકારની માનસિકતા છે? આ કેવા પ્રકારની ભારતીયતા છે? આ કેવા પ્રકારનો રાષ્ટ્રવાદ છે?

બહુજનસમાજની મહિલાઓ શું ભારતીય નથી? શું આ મહિલાઓ ભારતમાતા અને રાષ્ટ્રવાદના ચોકઠામાં નથી આવતી? શું આમાં 'ભારતમાતા' અને 'રાષ્ટ્ર' દુખી ન થાય? રાષ્ટ્રમાતા અને દેવીઓને પૂજનારા ચૂપ કેમ છે? આ કેવા પ્રકારનો દંભી સમાજ અને દેશ છે જ્યાં ભદ્રસમાજની સ્ત્રીઓને સ્ત્રી માનવામાં આવે છે અને તેનું અપમાન રાષ્ટ્રીય મુદ્દો બને છે જ્યારે બહુજન-પીડિત, શોષિત સમાજની સ્ત્રીઓને સ્ત્રી માનવામાં આવતી નથી અને રોજે-રોજ થતાં તેના અપમાન – શોષણ સામે એકપણ આંદોલન થતું નથી. ભારતીય હિન્દુ સમાજનું આ દંભીપણું સમગ્ર વિશ્વમાં અનોખું અને અજોડ છે. આ પ્રકારના બેવડા ધોરણો કહેવાતી શ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિમાં જોવા મળે છે.

શું ખરેખર આપણે આઝાદ થયા છીએ ખરા? વાસ્તવમાં આઝાદી-સ્વતંત્રતા માત્ર અમુક વર્ગને જ મળી છે. કરોડો બહુજનો આજે પણ નર્કાગારની સ્થિતિમાં જીવી રહ્યા છે. આજે પણ આ બહુજનોને સાચી સ્વતંત્રતા મળી શકી નથી. અનુ.જાતિના લોકો મૂછ રાખે તો પણ તેનો વિરોધ થાય છે, તેને મારવામાં આવે છે. દલિત મહોલ્લાનું કૂતરું સવર્ણ ફળિયામાં ભસે તો પણ દલિતોને મારવામાં આવે છે. ઘોડા પર બેસે કે પછી વરઘોડો કાઢવામાં તો પણ તેની હત્યા કરવામાં આવે છે. નામ પાછળ 'સિંહ' લખાવે તો પણ હુમલાઓ કરવામાં આવે છે. સારા કપડાં પહેરી ન

શકાય, પગમાં મોજડી ન પહેરાય. ડો. ભીમરાવ આંબેડકરના નામની 'જય ભીમ' રિંગ ટોન રાખો કે વગાડો તો પણ હત્યા કરી દેવામાં આવે છે. આ કેવા પ્રકારની આઝાદી ? અને કોના માટે?

આઝાદી, સ્વતંત્રતા એને કહેવાય કે જે જે સ્વતંત્રતા-આઝાદી તમો ભોગવો છો તેવી જ આઝાદી-સ્વતંત્રતા સમાજના દરેકે દરેક વ્યક્તિને મળવી જોઈએ. છેવાડાના વ્યક્તિને, દબાયેલા-કચડાયેલાને એ સ્વતંત્રતાનો ઉપયોગ કરવાની મોકળાશ અને મુક્તતા મળે. એને જ આઝાદી કહેવાય. આઝાદી-સ્વતંત્રતા એ દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે, બલકે અબાધિત હક છે. આ બંધારણીય અધિકાર છે અને તેની જાળવણી હમેશાં થવી જોઈએ. તેના પર તરાપ ન મારી શકાય.

છત્તીસગઢની બહુજન મહિલા (આદિવાસી સ્ત્રી) સોની સોરી જે આદિવાસી-મૂળવાસીઓના માનવ અધિકારો માટે લડે છે તેમને માઓવાદી-ત્રાસવાદી ઘોષિત કરી જેલમાં અસહ્ય યાતનાઓ આપવામાં આવે છે. જેલમાં પોલીસ અધિકારી સમક્ષ નગ્ન કરવામાં આવે છે અને તેના ગુપ્તાંગમાં પથ્થર નાંખવામાં આવે છે. શું સોની સોરી ભારતમાતાનું સંતાન નથી? શું સોની સોરી સ્ત્રી નથી? તે પણ કોઈકની પત્ની, બહેન, માતા અને જનની છે. શું અધિકાર માંગવા, માનવ હક માટે લડવું એ ગુનો છે?

દેવીઓની પૂજા-અર્ચના કરનારો હિન્દુસમાજ પોતાની જ સ્ત્રીઓ, બહેનો, દીકરીઓ પર આટલા અમાનુષી અત્યાચારો કરે છે અને બીજી તરફ આઝાદી પર્વની ઉજવણી કરે છે?

તથાગત બુદ્ધ, ડો. બાબાસાહેબ આંબેડકર, જાતીબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે જેવા સમાજ ચિંતકોએ ખરા અર્થમાં સામાજિક ચિંતન કર્યું હતું અને સંકુચિત ખ્યાલોથી ઉપર ઉઠી દેશહિત માટે કાર્ય કર્યું હતું. સમાજવાદી ચિંતક રામમનોહર લોહિયાએ પણ નિજ સ્વાર્થ કરતાં દેશહિતને પ્રાધાન્ય આપ્યું હતું. ડો. આંબેડકરે કહ્યું હતું કે "હું એ સમાજની કલ્પના કરું છું અને મેં એ સમાજ માટે આજીવન લડત ચલાવી છે જે સમાજનો પાયો સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, સામાજિક ન્યાય પર આધારિત હોય." રામમનોહર લોહિયાએ લખ્યું છે કે "સમાનતાની સ્થાપના કરવી એ એક સત્યને શોધવાનું મહત્વપૂર્ણ ધ્યેય છે." વધુમાં તેઓ લખે છે કે "ગરીબાઈ સામેનું યુદ્ધ ત્યાં સુધી ખોટું છે જ્યાં સુધી આ યુદ્ધ જાતિ અને સ્ત્રીઓ સાથેના ભેદભાવ સામે ન થાય." ડો. આંબેડકર યથાર્થ કહે છે કે "કોઈપણ સમાજની આધારશિલા તે સમાજમાં સ્ત્રીઓની કેવી સ્થિતિ છે તેના પર આધારિત છે."

---

**(અનુસંધાન પૃષ્ઠ-૩નું ચાલુ)**

આ લખનારે ૧૯૮૨માં એના જીવનનું પ્રથમ રિપોર્ટિંગ 'અહીં તો પૈસાની વીજળી પડી છે,' શીર્ષક હેઠળ લખેલા એક નાનકડા લેખમાં કર્યું હતું. એનું નિમિત્ત 'લોક અધિકાર સંઘ' હતું. અમદાવાદના સીમાડે એક કારખાનામાં ત્રાટકેલી વીજળીએ ત્રણ મજૂરોના પ્રાણ હર્યા હતા. એની સ્થળ તપાસ કરવા ગયેલી 'લોક અધિકાર સંઘ'ની ટુકડીમાં મારી સાથે ભૂષણ ઓઝા અને અસીમ રોય પણ હતા. એ લેખ મનીષી જાની સંપાદિત 'લોક અધિકાર સંઘ'ના બુલેટિનમાં છપાયો હતો. ૧૯૯૪માં મિત્રોએ મને લોક અધિકાર સંઘનો કો-ઓર્ડિનેટર બનાવીને મારા પર અનુગ્રહ કર્યો હતો. એ પદવી માટે હું ક્યારેય લાયક નહોતો. હું મારી જાતને કોઈ મોટો એક્ટિવિસ્ટ નથી ગણતો.મારામાં કેટલી પામરતા છે એની મને ખબર છે. પરંતુ આજે એક વાત કહેતા મને ગર્વ થાય છે કે મારા જેવા અસંખ્ય લોકોને નવી દુનિયા રચવાનું રોમહર્ષક ભાથુ 'લોક અધિકાર સંઘ' જેવા માધ્યમોમાં પ્રાપ્ત થયું. એનું શ્રેય ગિરીશભાઈ જેવા પ્રાતઃસ્મરણીય મહાનુભાવોને જાય છે. જલિયાંવાલા હત્યાકાંડ અને રોલેટ એક્ટના પરિપ્રેક્ષ્યમાં હાલના ફાસીવાદી માળખાનું વિશ્લેષણ કરવાનું હોય, કે ભોપાલ ત્રાસદી સામે વિરોધ પ્રદર્શન હોય, લોક અધિકાર સંઘે હંમેશાં 'વેન્ગાર્ડ'ની ભૂમિકા ભજવી છે.

કોઈ પણ સેક્યુલર જણની વાત માંડી હોય, અને એમાં ૨૦૦૨ના નરસંહારનો ઉલ્લેખ ના થાય, તો વાત એના તાર્કિક અંત સુધી પહોંચતી નથી. એ સમયના ગુજરાતની સેંકડો પત્રકારો-કર્મશીલોએ મુલાકાત લીધી હશે. એ નઠારી ઘટનાઓ વિષે હજારો લેખો લખાયા હશે. પરંતુ એક લેખનું શીર્ષક માત્ર આખી કથાનો સાર કહી જાય, એવું કવિ-કર્મ તો ગિરીશભાઈ જ કરી શકે. 'Modi-fied Gujarat' કહ્યા પછી કોઈને પણ, કશું કહેવાની જરુર પડે ખરી ?અને માત્ર ૨૦૦૨માં જ નહીં, છેક ૧૯૮૧માં અનામત-વિરોધીઓની વાહિયાત દલીલોનો સૌથી પહેલો સણસણતો જવાબ ગિરીશભાઈએ 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં લખેલા એક ચર્ચાપત્રમાં આપ્યો હતો. ચર્ચાપત્રી ગિરીશભાઈએ લખેલા ચર્ચાપત્રોનો ગુજરાતીમાં અનુવાદ થાય, તો પણ ગુજરાતની 'વિચારતીજાતિ'ને વિચારવાનું ભાથુ મળે એમ છે.

ગુજરાતના નાગરિક અધિકાર આંદોલનના કમનસીબે લોક અધિકાર સંઘે વાવેલી, ગિરીશભાઈએ સીંચેલી અધિકાર આંદોલનની અમરવેલની જોઇએ તેટલી માવજત ના થઈ. કદાચ ગુજરાતની ધરતીમાં ખોટ હશે. 'ગાંડી' ગુજરાતે મવાલીઓને મેયરો બનાવ્યા. અહીં બે બદામના નાચણિયાઓ ધારાસભ્યો, સાંસદો બની ગયા. હવામાં ગોળીબારો કરતા ગુંડાઓને ફુલડે ફુલડે પોંખ્યા. કોંગ્રેસ-ભાજપની 'ગુડ બુક'માં નામ લખાવનારાઓ પદ્મભૂષણ, પદ્મશ્રીઓ બની ગયા. પરંતુ, એક વ્યક્તિની બુદ્ધિ પ્રતિભા, એની મહાન તપસ્યા, એની નિર્વિવાદ સમાજ-નિષ્ઠાની 'વિવેક બૃહસ્પતિ'ના મિથ્યાભિમાનમાં રાચતા ગુજરાતે ધરાર ઉપેક્ષા જ કરી. ગિરીશભાઈ પટેલ જેવા સત્પુરુષોથી ગુજરાતનો 'ઉજળિયાત' સમાજ ઉજળો રહ્યો, પરંતુ એમને સમજી નહીં શકવાની કાલિમા હરહંમેશ એના લલાટે ચમકતી રહેશે. લોહી પાણી કરતાં ગાઢું હશે, પરંતુ વિચારધારાથી ચોક્કસ પાતળું છે, એ ગિરીશભાઈએ સાબિત કર્યું છે.માનવ-અધિકારના પુરોધા, દલિતોના હામી, હંમેશાં 'લઘુમતી'માં રહેલી મૂક બહુમતીના નેતા ગિરીશ પટેલને આપણા શત શત વંદન.


# દિલના દરવાજે દસ્તક

**(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)**




**: અનુવાદ :**
ઉર્વીશ કોઠારી, ચંદુ મહેરિયા,
**: પ્રકાશક :**
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦

**નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.**
**૨૫ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે**

# પ્રો.તુષાર સંબોધીની ચિરવિદાય

રાજયશાસ્ત્રના નિવૃત અધ્યાપક અને જીવનભર બૌદ્ધ ધર્મના પ્રચાર પ્રસારને વરેલા પ્રો.તુષાર સંબોધીનો ગઈ તા. ચોથી ઓકટોબર ૨૦૧૮ના રોજ દેહવિલય થયો છે. ૭૫ વરસની વયે કાલકૃત થયેલા પ્રો.તુષાર સંબોધી ગુજરાત ધમ્મ સોસાયટી બુદ્ધ વિહાર, સેકટર-૨૪, ગાંધીનગરના પ્રમુખ હતા. તેમનો જન્મ નવમી ઓગસ્ટ ૧૯૪૩ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ ગામે થયો હતો. રાજયશાસ્ત્રના અનુસ્નાતક એવા સંબોધીસાહેબ પિલવાઈ છાત્રાલયમાં રહીને ભણેલા. સરકારી કોલેજ જામનગર, વિસનગર, ગાંધીનગર અને ગુજરાત કોલેજ અમદાવાદમાં તેમણે અધ્યાપન કાર્ય કર્યું હતું. ગાંધીનગરના બૌદ્ધ વિહારના નિર્માણમાં તેમની સક્રિય ભૂમિકા હતી. બૌદ્ધ ધર્મનું સારું જ્ઞાન ધરાવતા પ્રો. સંબોધી ગાંધીનગરમાં બૌદ્ધ પૂર્ણિમાએ ગૌતમ બુદ્ધની શોભાયાત્રા,ધમ્મ ચક્ર પ્રવર્તન દિન અશોક વિજ્યા દસમીની ઉજવણી અને બૌધ્ધ ધર્મના અન્ય ધાર્મિક તહેવારો અને ડો.બાબાસાહેબ આંબેડકરના જીવનના અગત્યના દિવસોની ગાંધીનગર બૌદ્ધ વિહારમાં ઉજવણી કરાવતા હતા. પ્રો.તુષાર સંબોધીએ બાબાસાહેબના માર્ગે બોદ્ધ ધર્મના પ્રચાર પ્રસારને જીવનનું લક્ષય બનાવ્યું હતું. તેઓ કહેતા હતા કે નાસ્તિક બનવું સહેલું છે પણ બુધ્ધિષ્ઠ બનવું અઘરું છે. મનમાંથી મનુ કાઢવો પડે છે અને પંચશીલનું પાલન કરવું પડે. ગુજરાતના આંબેડકરવાદીઓ, બૌધ્ધિષ્ઠો પ્રો.તુષાર સંબોધીના જીવન કાર્યને હંમેશા યાદ રાખશે.

**ભીખાભાઈ અમીન**

## હલચલ

# અમૃતલાલ પરમારનું સન્માન

સર્વોદય યુથ વેલ્ફેર સોસાયટી, કાંકરિયા—અમદાવાદ દ્વારા અનુસૂચિત જાતિમાં સહકારી ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સેવા આપનાર, નિવૃત નાયબ સચિવશ્રી અમૃતલાલ એમ.પરમારનો સન્માન સમારંભ યોજાયો હતો.

૧૯૭૪થી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજ ઉત્થાનમાં સહભાગી થતી આ સંસ્થા જાતિ ધર્મના ભેદભાવ વિના અનુસૂચિત જાતિના ઉત્થાનમાં પ્રસંશનીય પ્રદાન આપતી વ્યકિત—સંસ્થાને દર વર્ષે સન્માને છે. ૧૯૭૦થી સરકારી સેવા સાથે યુવક કલ્યાણ અને સહકારી પ્રવૃત્તિઓ દ્વારા મહિલા કલ્યાણ અને રાજયમાં નામાંકિત એવી 'ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી' ના સ્થાપક અને ૧૯૯૫થી પ્રમુખ તરીકે માનદ્ સેવા આપતાં અને સમગ્ર અનુસૂચિત જાતિમાં સહકારી પ્રવૃત્તિના વિસ્તાર—વિકાસ માટે ૨૦૧૬ માં સ્થાપેલ "ડો.બી.આર. આંબેડકર કો.ઓ.ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝ ફેડરેશન લિ." ના સ્થાપક અને ચેરમેન તરીકે માનદ્ સેવા આપતા અમૃતલાલ પરમારને ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર પૂર્વ માન.મંત્રી ડો.કરશનદાસ સોનેરીના હસ્તે કુસુમબહેન રાઠોડ રોકડ પુરસ્કાર રૂા. ૧૦,૦૦૦/— , પ્રશસ્તિ પત્ર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું. સન્માનનો પ્રત્યુત્તર આપતાં શ્રી અમૃતલાલ પરમારે જણાવેલ કે સમાજ સામેના પ્રવર્તમાન અને ભાવિ પડકારોનો સામનો કરવા, સમાજને શોષણમુકત, સ્વનિર્ભર બનાવી સ્વમાની જીવન જીવવા માટે સમાજને વિવિધ પ્રકારની સહકારી પ્રવૃત્તિથી જોડવાથી જ શકય બનશે અને આ માટે તેઓ પોતાના પેન્શનમાંથી ૨.૫ ટકા રકમ આ પ્રવૃત્તિ માટે ખર્ચે છે. રોકડ પુરસ્કારની રકમ પણ તેઓ સમાજમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે જ ખર્ચશે.

ઉપસ્થિત ડો.કરશનદાસ સોનેરીએ જણાવેલ કે સંસ્થાની પ્રવૃત્તિઓ અન્ય સંસ્થાઓ માટે પ્રેરણારૂપ છે. સમાજસેવા ક્ષેત્રે નિસ્વાર્થ સેવા આપતા અમૃતભાઈનું સન્માન કરીને સંસ્થાએ ઉચિત કામ કરેલ છે. સમારંભના અધ્યક્ષપદેથી શૈલેષભાઈએ જણાવેલ કે ધનજીભાઈ પરમાર (જે.પી) ની સેવાનો વારસો તેમના પુત્ર નટુભાઈએ ચાલુ રાખ્યો છે, તે અભિનંદનને પાત્ર છે. ઉપપ્રમુખ કે.પી.મકવાણાએ સંસ્થાની પ્રવૃત્તિઓનો ચિતાર આપી સ્વાગત પ્રવચન કરેલ.

**મીનાબેન મકવાણા**

## દલિત અધિકારના શુભેચ્છકો
## જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળ્યું છે...

- કલ્પના શાહ (જાણીતા સમાજશાસ્ત્રી,પૂર્વ વાઈસ ચાન્સેલર અને નિવૃત અધ્યાપક, અમદાવાદ) રૂ.૫૦૦૦/-
- ભૂપેન્દ્ર કાપડિયા (નિવૃત એડિશનલ કલેકટર અને કર્મશીલ, અમદાવાદ) રૂ.૨૦૦૦/-
- અરુણ વાઘેલા (જાણીતા ઈતિહાસવિદ, લેખક, અધ્યાપક અને હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) રૂ.૧૦૦૦/-
- બાબુભાઈ નાથાભાઈ પરમાર (અધ્યાપક અને શુભેચ્છક,પાટણ) રૂ.૫૦૦/-
- કુંજવિહારી ઈશ્વરભાઈ પરમાર (શુભેચ્છક,ગાંધીનગર) રૂ.૫૦૦/-

**દલિત અધિકાર** પાક્ષિક

**માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા**
**૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,**
**પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧**
**ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫**
**મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,**
**૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.**